પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-11-2024 MIDDAY : 2.30 to 2.35pm

Day : TUESDAY Regional News

---------------------------------------------------------------------------------------

## AMIT SHAH - SABARKANTHA

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે સાબરકાંઠાના હાજીપુરામાં કેટલફીડ પ્લાન્ટનું લોકાપર્ણ કર્યું. પશુપાલકોની માંગ અનુસાર સાબરદાણ મળી રહે તે માટે વધુ ક્ષમતા વાળો આ પ્લાન્ટ શરૂ થયો છે. અંદાજે ૨૧૦ કરોડના નવીન પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે લોકપર્ણ કર્યું હતું. દૈનિક 800 મેટ્રીક ટનની ઉત્પાદન ક્ષમતાવાળા આ નવો પ્લાન્ટ 35 હજાર 87 ચોરસમીટરના વિસ્તારમાં નિર્માણ પામ્યો છે.

---------------------------

## AMIT SHAH POLICE SCIENCE ADHIVESHAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગર ખાતે 50મા અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન અધિવેશનનું ઉદ્ઘાટન કર્યું હતું. પોલીસ સંશોધન અને વિકાસ બ્યૂરો અને રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે શ્રી શાહે કહ્યું કે, ‘છેલ્લા પચાસ વર્ષમાં દેશ અને વિશ્વમાં પરિવર્તન આવ્યું છે, જેના કારણે પોલીસનું સ્વરૂપ બદલાયું છે.’

શ્રી શાહે ઉમેર્યું, ‘છેલ્લા 10 વર્ષ દરમિયાન જમ્મુ-કાશ્મીર, ઉત્તર-પૂર્વ અને નક્સલવાદ જેવા સૌથી હિંસા અસરગ્રસ્ત વિસ્તારોમાં 70 ટકા હિંસા ઓછી કરવામાં સફળતા મળી છે. માદકપદાર્થના દૂષણને ડામવાના પ્રયાસના ભાગરૂપે છેલ્લા 10 વર્ષમાં 5 લાખ 45 હજારથી વધુ માદકપદાર્થો જપ્ત થયા છે.’ તેમણે ઉમેર્યુ કે, ’ગુનાખોરીને ડામવા કેન્દ્ર સરકારે ત્રણ નવા કાયદા અમલમાં મૂક્યા છે.’

---------------------------

PHILAVISTA

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં દાંડી કુટિર ખાતે ટપાલ ટિકિટોના પ્રદર્શન “ફિલાવિસ્ટા 2024”નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રદર્શનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસીય આ પ્રદર્શનનો ઉદ્દેશ ટપાલ ટિકિટો, ટપાલ ઇતિહાસ અને અન્ય ફિલાટેલી સંબંધિત વસ્તુઓના અભ્યાસ અને સંગ્રહને પ્રોત્સાહીત કરવાનો છે.

પ્રદર્શનમાં દુર્લભ અને મૂલ્યવાન ટપાલ ટિકિટો ખરીદી અને નિહાળવા માટે પ્રદર્શિત કરવામાં આવી છે. બાળકોમાં ફિલાટેલીના શોખનો રસ જગાડવા માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન પણ કરાયું છે.

આજે સાંજે શ્રી શાહ અમદાવાદના શેલા વિસ્તારમાં નવીનીકરણ કરાયેલા શેલા ગામ તળાવનું લોકાર્પણ કરશે.

---------------------------

AHMEDABAD BJP SNEHMILAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઝારખંડ અને મહારાષ્ટ્રમાં ભાજપ અને તેના સહયોગી પક્ષ સ્પષ્ટ બહુમતી સાથે જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અમદાવાદના ઓગણજ વિસ્તારમાં ગઈકાલે ઘાટલોડિયા વિધાનસભાનું નૂતનવર્ષ સ્નેહમિલન સમારોહમાં શ્રી શાહે આમ કહ્યું હતું. શ્રી શાહે ઉમેર્યું કે, જ્યાં સુધી દેશમાં

આર્થિક રીતે નબળા લોકો આગળ નહીં આવે, ત્યાં સુધી દેશ આગળ નહીં આવે. તેમણે કહ્યું કે, 'વર્ષ 2027 સુધીમાં દેશનું અર્થતંત્ર વિશ્વનું ત્રીજા નંબરનું અર્થતંત્ર બનશે.'

---------------------------

HOSPITAL SUSPEND

અમદાવાદની ખ્યાતિ હૉસ્પિટલ ગેરરીતિ બાદ સરકારે કાર્યવાહી કરી છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યના આરોગ્ય વિભાગે પીએમ જન યોજનામાંથી ખ્યાતિ હૉસ્પિટલ સહિત અમદાવાદની ત્રણ, સુરત, વડોદરા અને રાજકોટની એક-એક તેમજ ગીર સોમનાથ જિલ્લાની હૉસ્પિટલ એમ સાત સાત હૉસ્પિટલને સસ્પેન્ડ એટલે કે, ફરજ મોકૂફ કરી છે. જ્યારે ખ્યાતિ હૉસ્પિટલના આરોપી ડૉક્ટર પ્રશાન્ત વજીરાણી સહિત ચાર તબીબને સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર તરીકે ફરજ-મોકૂફ કરાયા છે.

--------------------------

BHARUCH ACCIDENT

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે પર ત્રિપલ અકસ્માત સર્જાતા કચ્છના 2 લોકોના મોત નીપજ્યા છે. ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, આમોદના દોરા ગામ નજીક વિશ્રામગૃહ પાસે 2 અર્ટિગા કાર અને એક ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા કચ્છથી મુંબઈ જતાં માતા અને પુત્રનું મોત નીપજ્યું છે. અકસ્માત બાદ માતા-પુત્રને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં તબીબે બંનેને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ટ્રક લઈને જતો રહ્યો છે.

આમોદ પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા.

---------------------------

RAJKOT SAHAKARI BANK RESUTL

રાજકોટ નાગરીક સહકારી બેંકની યોજાયેલી ચૂંટણી માટે આજે સવારે મતગણતરી પૂર્ણ થતા સહકાર પેનલના કુલ 15 ઉમેદવારોનો વિજય થયો છે. આ ઉપરાંત અગાઉ સહકાર પેનલના છ ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.. આ ચૂંટણીમાં મહિલા અનામત બે બેઠક માટે બહારગામ અને રાજકોટ શહેરના કુલ 332 મતદારોએ મતદાન કર્યું હતું અને બાકીની 13 બેઠક માટે 189 મતદારોએ મતદાન કર્યું હતું. સહકારી બેંકિંગમાં નવા નિયમો અનુસાર પ્રથમવાર કલેક્ટરના નેતૃત્વ હેઠળની પ્રથમ ચૂંટણીનું આયોજન કરાયું હતું.

---------------------------